તલોદની ટ્રિનિટી સ્કૂલમાં સ્વાદોત્સવ મહોત્સવ યોજાયો

તલોદ તા ૨૪

સાબરકાંઠા જિલ્લાની શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થા ગણાતી ટ્રિનિટી સ્કુલ દ્વારા દરેક વિદ્યાર્થીઓ માં રહેલી સુષુપ્ત શક્તિઓ નો વિકાસ થાય અને વ્યવસાય, ભાગીદારી અને વ્યાપાર ની સમજણ વિકસે અને આત્મવિશ્વાસ વધે તેવા શુભ આશયથી આજે શાળા કેમ્પસ માં સ્વાદોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ માં બાળકોએ તેમના વાલી સાથે મળીને તૈયાર કરેલ વિવિધ સ્વાદિષ્ટ વાનગી વ્યંજનો ના વેચાણ માટેના તેમના સ્ટોલ તેમના સાથી વિદ્યાર્થી મિત્રો સાથે મળીને તૈયાર કરવામાં આવેલા હતા સ્ટોલની તમામ વ્યવસ્થા શાળા દ્વારા કરવામાં આવી હતી સ્વાદોત્સવ ૨૦૨૨ માં ચોકલેટ મિલ્કશેક, પીઝા, વેજ બિરયાની, ફ્રૂટ સલાડ દાબેલી, વડાપાઉં, ઢોકળા મસાલાપાઉં, ગુલાબજાંબુ , ભૂંગળા બટાકા, ફ્રૂટ ડીશ, ખીચું, ભેળ, પટ્ટીસમોસા, મસાલા પાપડ, રગડાપેટીસ પાઉંભાજી ચટણી પુરી થેપલા ખમણ દહીંવડા બાસ્કેટ ચાટ જેવી વાનગીઓ નો સ્ટોલ માં વિતરણ કરવામાં આવ્યું હતું સાથોસાથ બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલા ક્રાફ્ટ એક્ટિવીટીઝ ના નમૂનાઓ નુ પ્રદર્શન અને વેચાણ માટે ના સ્ટોલ સૌના આકર્ષણ નુ કેન્દ્ર બન્યો હતો. સમગ્ર આયોજન શાળા સંચાલક ડો વસંત ભાઈ ધોળું , પ્રી આર એલ પટેલ ડો કિરીટભાઈ પટેલ ની દોરવણી હેઠળ શાળાના આચાર્ય અલ્પેશ ભાઈ પટેલ અને શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું

પ્રાંતિજ ખાતે રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી કાર્યક્રમ યોજાયો

ભારતીય માનક બ્યુરો અમદાવાદ તથા ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજ ના સંયુક્ત ઉપક્મે યોજાયો : સર્વોદય ઉ.બુથ.કન્યા વિદ્યાલય ખાતે કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ ની ઉજવણી ને લઈ ને સર્વોદય ઉ.બુ કન્યા વિદ્યાલય ખાતે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો. ૨૪ ડીસેમ્બર ના રોજ રાષ્ટ્રીય અધિકાર દિવસ તરીકે ઉજવવામા આવે છે જેને લઈ ને ભારતીય માનક બ્યુરો અમદાવાદ અને ગ્રાહકહિત સુરક્ષા મંડળ પ્રાંતિજ ના સંયુક્ત ઉપક્મે પ્રાંતિજ ખાતે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજ ખાતે આવેલ સર્વોદય ઉ.બુ.કન્યા વિદ્યાલય ખાતે વિધાર્થીઓ સાથે જાગૃતિ કાર્યક્રમ નુ આયોજન કર્યુ હતુ જેમા ગ્રાહક હિત સુરક્ષા મંડળ ના પ્રમુખ નટુભાઈ બારોટ દ્વારા સમજ આપવામા આવી હતી અને હોલમાર્ક જ્યાં માર્કો શુ છે માર્કા વાળી જે વસ્તુઓને શા માટે ખરીદવી તથા હોલમાર્કએ ગુણવત્તા નુ પ્રતિક છે સોનાના ઘરેણા હોલમાર્ક વાળાજ ખરીદવા જોઈએ કારણ કે સોનાની સાચી પરખ કરે છે માહિતગાર કર્યા હતા આ પ્રસંગે શાળા ના આચાર્ય અલ્પાબેન પટેલ , ગીતાબેન પટેલ , કોમલબેન પટેલ , વિપુલભાઈ બારોટ તથા કલ્પેશ ભાઈ બારોટ સહિત શાળા ના વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા તો સમગ્ર કાર્યક્રમ નુ સફળ સંચાલન તનુજા માલવિયાએ કર્યુ હતુ.

ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા મંદિરમાં રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી યોજાઈ

ભિલોડા, તા.૨૪

ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા મંદિરમાં રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી યોજાઈ હતી.વિધાર્થીઓને ગ્રાહક તરીકે કંઈ-કંઈ બાબતોની જાણકારી રાખવી તેની સમજણ આપવામાં આવી હતી.આચાર્ય રમણભાઈ પટેલે વિધાર્થીઓઓને બજારમાંથી કોઈ પણ વસ્તુ ખરીદતા પહેલા તેની પુરે પુરી જાણકારી મેળવી લેવા માટેની સલાહ આપી,જીવન વપરાશ માટેની ચીજ વસ્તુઓ ખાસ તકેદારી રાખવી જોઈએ તેમ જણાવ્યું હતું.ગ્રાહક સુરક્ષા સમિતિના ઈન્ચાર્જ મુકેશભાઈ પટેલે વિધાર્થીઓને ઉંડાણપુર્વક સમજણ આપી સમગ્ર કાર્યક્રમનું સફળ રીતે સુંદર આયોજન કર્યુ હતું.ભિલોડા શ્રી અર્બુદા સેવા સંધ,સંચાલક દામુભાઈ પટેલે વિધાર્થીઓને જીવનલક્ષી વિશેષ માહિતી આપી હતી.વિધાર્થીઓ સહિત સમગ્ર સ્ટાફ પરીવારે ઉત્સાહભેર કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

ડીસાના રેલવે સ્ટેશન વિસ્તારની બે દુકાનોના તાળા તૂટ્યા : માલસામાન સહિત રોકડની ચોરી

ડીસા, તા. ૨૪

ડીસામાં છેલ્લા કેટલાક સમયથી તસ્કરોની રંજાડ વધી રહી છે. તાજેતરમાં જ પાટણ હાઈવે તેમજ આખોલ ચાર રસ્તા નજીક તસ્કરોએ સંખ્યા બંધ દુકાનો તોડી ચોરી કર્યા બાદ હવે રેલવે સ્ટેશન ચાર રસ્તા નજીક વધુ બે દુકાનોના તાળા તોડી ચોરી કરી હતી. શિયાળાની ઋતુ જામતા તસ્કરોને પણ જાણે સિઝન આવી ગઈ હોય તેમ બેફામપણે ચોરીના બનાવો વધી રહ્યા છે. ગત સપ્તાહે તસ્કરોએ ઉપરાઉપરી બે દિવસ પાટણ હાઈવે રોડ તેમજ આખોલ ચાર રસ્તા નજીક સંખ્યાબંધ દુકાનોના તાળાતોડી મોટા પ્રમાણમાં ચોરી કરી પોલીસને પડકાર ફેંક્યો હતો. પોલીસે આ ચોરીમાં સામેલ તસ્કરોને ઝડપી પડ્યા છે, પણ હવે ગઈ રાત્રે રેલવે સ્ટેશન ચાર રસ્તા નજીક એચ.પી. પેટ્રોલ પંપની પાછળ આવેલા કોમ્પ્લેક્સની બે દુકાનોના તાળા તોડ્યા હતા. જેમાં તસ્કરોએ કોમ્પ્લેક્સમાં આવેલી જે.કે.ઈલેક્ટ્રોનિક્સ દુકાનનું તાળું તોડી અંદરથી માલસામાન ઉપરાંત રૂપિયા ૩,૦૦૦ ની રોકડ ઉઠાવી ગયા હતા. જ્યારે બાજુમાં આવેલ હેર કટીંગ સલૂનને પણ નિશાન બનાવી શટરના તાળા તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો. ચોરીની જાણ સવારે થતા વેપારીઓને સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. વેપારીઓએ પોલીસને જાણ કરતા ડીસા દક્ષિણ પોલીસની ટીમ ઘટના સ્થળે આવી પહોંચી હતી. પોલીસે આ અંગે જે.કે.ઈલેક્ટ્રોનિક્સના દુકાનના માલિક કિરીટભાઈ પરમારની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નવા વર્ષની જલસા પાર્ટી માટે વિદેશી દારુની હેરાફેરીમાં વધારો

જિલ્લામાં રાજસ્થાનને જોડતી ૧૫ ચેકપોસ્ટે વાહન ચેકીંગ સઘન બનાવાયું

રાજસ્થાન સીમામાંથી પ્રવેશતાં વાહનો ઉપર પોલીસની નજર

બાયડ, તા.૨૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરને આડે ગણતરીના દિવસ બાકી રહેતાં વિદેશી દારૂની હેરાફેરીમાં વધારો થયા પછી પોલીસ સતર્ક બની છે. બંન્ને જિલ્લામાં રાજસ્થાન સીમાને જોડતી ૧૫ ચેકપોસ્ટ ઉપર પોલીસ દ્વારા વાહન ચેકીંગ સઘન બનાવાયું છે. રાજસ્થાન સીમામાંથી પ્રવેશતા વાહનો ઉપર પોલીસે નજર ટેકવી વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યું છે. ચેકપોસ્ટ ઉપર પોલીસની ધોંસ વધતાં હવે બુટલેગરોએ અંતરીયાળ માર્ગોથી વિદેશી દારુ ઘુસાડવાની પેરવી શરુ કરી છે.

નવા વર્ષની જલસા પાર્ટીઓમાં વિદેશી દારુની રેલમછેલ તેમજ અન્ય માદક પદાર્થો ઉપર રોક આવે તે માટે જિલ્લા પોલીસ તંત્ર અત્યારથી એલર્ટ મોડમાં આવ્યું છે. દર વર્ષે થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર પૂર્વે બુટલેગરો સરહદી રાજસ્થાનમાંથી લાખો-કરોડો રુપિયાનો વિદેશી દારુ જિલ્લાની સરહદેથી ઘુસાડવામાં સફળ રહેતા હોય છે. પોલીસ દ્વારા ચેકપોસ્ટે કડક વાહન ચેકીંગ સમયે બુટલેગરોને દારુ ઘુસાડવા માટે રસ્તો બદલવાની ફરજ પડતી હોય છે. નવા વર્ષની ઉજવણીને આડે ગણતરીના દિવસ બાકી રહેતાં હરકતમાં આવેલી સાબરકાંઠા પોલીસે ખેડવા, પઢારા, કોટડાગઢી, પોશીના, મામાપીપલા, આંજણી, પરોસડા, રાણી, દૈયા, ખોખરા તેમજ અરવલ્લી પોલીસે રતનપુર, ઉન્ડવા, કાલીયાવા, ઝાંઝરી અને પાલીસોડા આંતરરાજ્ય ચેકપોસ્ટ ઉપર કડક જાપતો ગોઠવી જિલ્લાની સરહદમાં પ્રવેશતાં તમામ વાહનોનું ચેકીંગ શરુ કર્યું છે. જિલ્લામાં વિદેશી દારુ સાથે અન્ય માદક દ્રવ્યો પણ ઘુસાડવામાં બુટલેગરો ન થાય તેવા પ્રયાસના ભાગરુપે પોલીસે બંન્ને જિલ્લાની કુલ-૧૫ આંતરરાજ્ય ચેકપોસ્ટ ઉપર વાહન ચેકીંગ શરુ કર્યું છે. ઉપરાંત ડ્રગ માફીયાઓ સફળ

જિલ્લાની આંતરરાજ્ય ચેકપોસ્ટો પર તપાસ

જિલ્લો ચેકપોસ્ટ : સાબરકાંઠા ખેડવા, પઢારા, કોટડાગઢી, પોશીના, મામાપીપલા, આંજણી, પરોસડા, રાણી, દૈયા, ખોખરા.

અરવલ્લી રતનપુર, ઉન્ડવા, કાલીયાવા, ઝાંઝરી, પાલીસોડા.

સરહદે પોલીસની ધોંસ વધતાં બુટલેગરોએ રસ્તા બદલ્યા

દર વર્ષે થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર પૂર્વે સમગ્ર રાજ્યમાં વિદેશી દારુની માંગમાં ઉછાળો આવતો હોય છે જેથી બુટલેગરો જિલ્લાને જોડતી રાજસ્થાન સરહદેથી દારુનો જથ્થો વાહનોમાં ઘુસાડતા હોય છે. પોલીસે નવા વર્ષની ઉજવણીને ધ્યાનમાં રાખી તમામ ચેકપોસ્ટ ઉપર વાહન ચેકીંગ કડક બનાવ્યું છે જેના કારણે હવે બુટલેગરોને રસ્તા બદલવાની ફરજ પડી છે.

પાલનપુર પોલીસે અપહરણના ફરાર આરોપીને સુરતથી પકડ્યો

ડીસા, તા.૨૪

અપહરણના ગુનામાં છેલ્લા બે માસથી નાસતા ફરતા ઈસમને પાલનપુર શહેર પશ્ચિમ પોલીસે ઝડપી પાડ્યો છે. જેમાં સગીરાને ભગાડી જનાર ઈસમ તેમજ ભોગ બનનાર સગીરાને સુરત ખાતેથી પકડી પાડી કાયદેસર કાર્યવાહી પોલીસ હાથ ધરી છે.

પોલીસ મહાનિરીક્ષક , સરહદી રેંજ કચ્છ ભુજ જે.આર.મોથલીયા તથાજિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સુચના કરેલ.જે સુચના અંતર્ગત ડો . જે.જે.ગામીત,નાયબ પોલીસ અધિક્ષક,પાલનપુર વિભાગના માર્ગદર્શન મુજબ પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એ પટેલના માર્ગદર્શન હેઠળ પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ ગુના કામે ભોગ બનનાર સગીરાને ભગાડી જનાર અને છેલ્લા બે માસથી નાસતો ફરતો આરોપી તથા ભોગ બનનાર સગીરાને કરંજ તા.માંડવી જી.સુરત ખાતેથી પકડી પાડી પાલનપુર શહેર પશ્ચિમ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધાનેરા વાસીઓ આનંદોઃ હવે નર્મદાનું પાણી પીવા મળશે

થરાદના ભાપીથી સામરવાડા સંપમા નર્મદાનું પાણી નાંખી ધાનેરાને અપાશે

ધાનેરા તા. ૨૪

રાજસ્થાન સરહદને અડીને આવેલ ધાનેરા તાલુકો વર્ષોથી સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યાથી પીડાતો હતો ત્યારે તાજેતરમાં યોજાયેલ વિધાનસભાની ચૂંટણી પુર્વે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી થરાદ ખાતે આવ્યાં હતાં તે સમયે પ્રધાનમંત્રી અને ધાનેરા ભાજપ અગ્રણી ભગવાનભાઈ પટેલ વચ્ચે ધાનેરા ને પાણી આપવા મુદ્દે વાર્તાલાપ થયો હતો.

જેને લઈને ગુજરાતમાં ભાજપ સરકાર બહુમતીથી જીત્યા બાદ એક્શન મોડમાં આવી જઈ આ વિસ્તારની પ્રથમ પ્રાથમિકતા પીવાના પાણીની સમસ્યાને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે . આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે , થરાદના ભાપીથી સામરવાડા સંપમા પાણી નાખી ધાનેરા ને નર્મદાનું પાણી આપવાનું ટેસ્ટિંગ ચાલુ કરવામાં આવ્યું છે.

ત્યારે ટૂંક સમયમાં ધાનેરાને નર્મદાનું પાણી મળશે જેને લઈને તાત્કાલિક અસરથી થરાદના ભાપીથી સામરવાડા ખાતે પાણીની પાઈપ લાઈન નાખવામાં આવી હતી જેને વર્તમાનમાં જોઈન્ટ આપી તેનું ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે જેથી નર્મદાનું પાણી ધાનેરા ને મળે આમ અત્યાર સુધી લોકો ફ્લોરાઈડવાળુ પાણી પીતા હતા જેમાંથી હવે આગામી સમયમાં શુધ્ધ પાણી મળતું થશે અને પાણી ની મુશ્કેલી પણ દૂર થશે .

આ બાબતે ધાનેરા પાલિકાના પાણી પુરવઠા અધિકારીએ જણાવ્યું હતું કે વર્તમાન માં ધાનેરા ને નર્મદાનું પાણી ટેસ્ટિંગ માટે આપવામાં આવી રહ્યું છે. ત્યારે આગામી તારીખ ૧-૧-૨૦૨૩ થી રેગ્યુલર પાણી આપવામાં આવશે આ સિવાય સિંચાઈનું પાણી પણ ધાનેરાને મળે તે માટે સરકાર પ્રયત્નશીલ જોવા મળી રહી છે આ બાબતે ધાનેરા ભાજપ અગ્રણી ભગવાનભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતમાં ભાજપની સરકાર બહુમતીથી આવતાની સાથે જ ચૂંટણીમાં લોકો ને આપેલા વચનો પૂરા કરવાની શરૂઆત કરી દીધી છે.

પાલનપુરમાં ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમતાં ૨ શખ્સો ઝડપાયા

પાલનપુર તા.૨૪

પાલનપુરમાં મોબાઈલ ફોનમાં ઓન લાઈન ક્રિકેટ મેચનો સટ્ટો રમતાં બે શખ્સોને પોલીસે ઝડપી લીધા હતા. જેમની પાસેથી રૂપિયા ૬૧૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને આઈડી આપનારા શખ્સ સામે પણ ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પાલનપુર પૂર્વ પોલીસ મથકની ટીમે શહેરના જુના ટેલીફોન એક્ષચેંજ વિસ્તારમાં આવેલી લેડીઝ ટેલરની દુકાન આગળ ઓચિંતો છાપો મારી મોબાઈલ ફોનમાં ઓન લાઈન ક્રિકેટ મેચ, તીનપત્તિ, કેસિનોની અલગ અલગ રમતો ઉપર સટ્ટો રમતા પાલનપુર ત્રણબત્તિ મુખ્ય શાળાની બાજુમાં રહેતા કલ્પેશભાઈ ગોવિંદભાઈ ચોહાણ (દરજી) અને પાલનપુર લાલાવાડા રોડ ગોવિંદાનગર સોસાયટીમાં રહેતો મયુર ઉર્ફે ભોલો પ્રવિણભાઈ મોદીને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રૂપિયા ૬૦૦૦ના બે મોબાઈલ ફોન, રૂપિયા ૧૦૦ રોકડા મળી કુલ રૂપિયા ૬૧૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. તેમજ આઈડી આપનારા વડગામ તાલુકાના પેપોળનો ભાયચંદભાઈ મોતીભાઈ પ્રજાપતિ સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પાલનપુર-અંબાજી હાઈવે પર કપચી ઢોળાતા અકસ્માત સર્જાવાની ભીતિ...

પાલનપુર તા.૨૪

પાલનપુર થી અંબાજી જતાં હાઈવે પર કપચી ભરેલા ઓવરલોડ વાહનોના ભારે ઘસારા ને લઈ જાહેર રોડ પર કપચી ઢોળાઈ રહી હોય આ માર્ગે પસાર થતા વાહન ચાલકો અને હાઈવે પરના ગામનો લોકોમાં અકસ્માત સર્જાવા ની દહેશત વર્તાઈ રહી છે. જેને લઈ હાઈવે પર પથરાયેલી કપચી દૂર કરવા અને ઓવરલોડ કપચી ભરેલા વાહનો સામે કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ ઉઠી છે. પાલનપુરના અંબાજી હાઈવે પર આવેલ મેરવાડા ગામે પસાર થતા માર્ગ પર ઓવરલોડ કપચી ભરેલા ડમ્પરો પસાર થઈ રહ્યા હોય આ હાઈવે પર ઠેરઠેર મોટી માત્રામાં કપચી ઢોળાઈ છે .અને તંત્ર દ્વારા હાઈવે પર પથરાયેલી કપચીના ઢગલા ઓને દૂર કરવામાં ન આવતા આ માર્ગે પસાર થતા વાહન ચાલકોને કપચીને લઈ અકસ્માત થવાનો ભય સતાવી રહ્યો હોય આ કપચી ને લઈ મેરવાડા ગામના લોકોએ વિરોધ નોંધાવ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,જોકે રોડ પર કપચી ઢોળાતાઆ માર્ગ પર વારંવાર અકસ્માતો સર્જાય રહ્યા હોય તંત્ર દ્વારા આ માર્ગ પર પથરાયેલી કપચી દુર કરાવે અને કપચી ઢોળતા ઓવરલોડ ડમ્પરો સામે કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ કરાઈ હતી. અને જોકે તેમની માંગ સંતોષવામાં નહિ આવે તો હાઈવે બંધ કરી રસ્તા રોકો આંદોલન કરવાની પણ ચીમકી આપવામાં આવી છે.

જિલ્લામાં ૧૦ મહિનામાં ૪૨૦ મહિલાઓને સુરક્ષિત પ્રસૂતિ કરાવતી ૧૦૮ સેવા

પ્રસૂતા મહિલાઓ માટે ઈમરજન્સી સેવા વરદાનરુપ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં માર્ગ અકસ્માતોમાં સંજીવની રુપ સાબિત થયેલી ઈમરજન્સી-૧૦૮ સેવા હવે પ્રસુતા મહિલાઓ માટે વરદાન રુપ બની છે. છેલ્લા ૧૦ મહિનામાં બંન્ને જિલ્લામાં ઈમરજન્સી-૧૦૮ દ્વારા કુલ-૪૨૬ મહિલાઓને સુરક્ષિત પ્રસૂતિ કરાવી છે. પ્રસૂતિ સબંધિત કોલ મળતાં બંન્ને જિલ્લામાં તૈનાત ૨૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ વાને સ્થળ ઉપર પહોંચી પ્રસૂતાઓને હોસ્પિટલમાં લઈ જતા સમયે રસ્તામાં પ્રસૂતિ કરાવી હોવાની વિગતો જાણવા મળી છે.

અકસ્માત અને આપત્તિના સમયે ઈજાગ્રસ્ત તેમજ બિમાર દર્દીઓને તાત્કાલિક સારવાર પૂરી પાડતી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો વર્ષ-૨૦૦૭ થી આરંભ થયો હતો. તાજેતરમાં આ સેવાએ સફળતાપૂર્વક ૧૫ વર્ષ પૂર્ણ કર્યા છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં

૧૦૮ દ્વારા કરાવેલ પ્રસૂતિ

જિલ્લો	સંખ્યા
સાબરકાંઠા	૨૧
અરવલ્લી	૧૫

૧૦૮ સેવાએ ૧૦ મહિનામાં ૨૦૮૭ લોકોના જીવ બચાવ્યા

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઈમરજન્સી-૧૦૮ની ૨૮ એમ્બ્યુલન્સ અકસ્માત અને આપત્તિ સમયે સેવામાં કાર્યરત રાખવામાં આવી છે જેના કારણે ૧૦ મહિનામાં ઈમરજન્સી-૧૦૮ દ્વારા હૃદય રોગ, જીવલેણ અકસ્માત, પોઈઝનિંગ તેમજ સર્પદંશ સહિતના બનાવોમાં ત્વરીત ઝડપે દોડી જઈ કુલ-૨૬૮૭ લોકોના જીવ બચાવવામાં આવ્યા છે.

૧૫ અને અરવલ્લી જિલ્લામાં કાર્યરત ૧૩ ઈમરજન્સી-૧૦૮ સેવાના માધ્યમથી ઈમરજન્સી સમયે હજારો લોકો માટે સરકારની આ સેવા વરદાનરુપ બની રહ્યા પછી ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારની પ્રસૂતા મહિલાઓ માટે ઈમરજન્સી સેવા મહત્વની સાબિત થઈ છે. બંન્ને જિલ્લામાં જાન્યુઆરી મહિનાથી નવેમ્બર સુધીમાં ઈમરજન્સી-૧૦૮ના સ્ટાફે કુલ-૪૨૬ મહિલાઓને એમ્બ્યુલન્સના માધ્યમથી સુખરુપ પ્રસૂતિ કરાવી છે. અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં અગાઉ સમયસર વાહનો ન મળવાથી પ્રસુતા મહિલાઓને હોસ્પિટલમાં પહોંચાડાય તે પહેલાં માતા અને બાળકો ઉપર જીવનું જોખમ ઉભું થતું હતું પરંતુ હવે ઈમરજન્સી-૧૦૮ પ્રસૂતિનો કોલ મળતાંની સાથે સ્થળ ઉપર પહોંચી જતી હોવાથી પ્રસૂતિ સમયે માતા અને બાળક ઉપરનું જોખમ ઘટ્યું છે.